# <u>પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ</u>

(૧) દરેક વિદ્યાર્થીઓએ તેમની હોલ ટીકીટ યુનિવર્સિટી વેબસાઈટ ઉપરથી તા.૧/૭/૨૦૧૭ બાદ પ્રિન્ટ કાઢી પરીક્ષા સમયે લેતા આવવું અન્યથા તેમને પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.

(૨) સાયન્સ, મેનેજમેન્ટ તથા કોમ્પ્યુટર સાયન્સ ફેકલ્ટીના પેપર ફકત અંગ્રેજી માધ્યમમાં રાખવામાં આવશે. જયારે ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી વિષયના પ્રશ્નપત્રો જે તે ભાષામાં રહેશે. જયારે કોમર્સ/એકાઉન્ટ, ઈકોનોમિકસ, શિક્ષણશાસ્ત્ર, ઈતિહાસ, કાયદો, ગ્રંથાલય વિજ્ઞાન, શારીરિક શિક્ષણ, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર વિષયના પ્રશ્નપત્રો ગુજરાતી તથા અંગ્રેજી બંને માધ્યમમાં રહેશે.

(૩) OMRની છેલ્લી પ્રત તેમજ પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓ પોતાની સાથે લઈ જઈ શકશે.

(૪) M.PHIL.(UGC Dec. 2009ની ગાઈડ લાઈન અનુસાર પૂર્ણ કરેલ) તેમજ NET/SLET વાળા વિદ્યાર્થીઓને Ph.D. Ordinance પ્રમાણે લેખિત પરીક્ષામાંથી મુકિત છે, પણ વાયવા પરીક્ષા ફરજીયાત આપવાની રહેશે. વાયવા પરીક્ષાની વિગતો, યુનિવર્સિટી વેબસાઈટ પર મૂકવામાં આવશે. (UGC/CSIR JRFની પરીક્ષા પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓનું સીધું જ રજીસ્ટ્રેશન કરવામાં આવશે.)

(૫) પરીક્ષાખંડ પરીક્ષા શરૂ થવાના અડધો કલાક પહેલા કલાસરૂમ ખોલવામાં આવશે.

(૬) કોઈપણ ઉમેદવારને પરીક્ષા શરૂ થવાનાં ૧૫ મિનીટ પછી પરીક્ષાખંડમાં બેસવા દેવામાં આવશે નહી તથા કોઈપણ ઉમેદવાર પરીક્ષા શરૂ થયાનાં અડધા કલાક સુધી પરીક્ષાખંડની બહાર જવા દેવામાં આવશે નહી.

(૭) પરીક્ષા શરૂ થવાના ૧૦ મિનીટ પહેલા દરેક ઉમેદવારે પોતાના બેઠક નંબર પર બેસી જવાનું રહેશે.

(૮) કોઈપણ ઉમેદવારને નિયત સમય સિવાય પ્રશ્નપત્ર ખોલવાનું રહેશે નહી. જવાબ લખવાના શરૂ કર્યા પહેલા ઉમેદવારે પોતાનો બેઠક નંબર પ્રશ્નપત્ર ઉપર લખવાનો રહેશે.

(૯) કોઈપણ ઉમેદવારે જવાબવહી અને પ્રશ્નપત્ર ઉપર કોઈપણ પ્રકારનું ચિહ્ન કે નિશાની કરવા નહી. કોઈપણ ઉમેદવાર આવું કરતાં ધ્યાન પર આશે તો તે તેને પરીક્ષામાંથી ગેરકાયદેસર ગણી રદ કરવામાં આવશે.

(૧૦) દરેક ઉમેદવારે ફરજીયાત પણે કાળી બોલપેન લાવવાની રહેશે. કોઈપણ ઉમેદવારે પરીક્ષાખંડમાં બેગ, મોબાઈલ, પેનડ્રાઈવ, બ્લુટુથ ડીવાઈઝ, ઈઅરફોન/હેડફોન, કેલકયુલેટર, ટેબલેટ વગેરે લઈ પ્રવેશ કરવો નહી.

(૧૧) અંધ ઉમેદવાર સિવાય કોઈપણ ઉમેદવારને જે પેપરમાં જેટલો સમય ફાળવવામાં આવ્યો છે, એનાથી વધારાનો સમય મળશે નહી.

(૧૨) ધુમ્રપાન/ચા/કોફી જેવા કોઈપણ પ્રકારનાં પીણા પરીક્ષાખંડમાં નિષેધ છે.

(૧૩) જો કોઈપણ ઉમેદવાર કોઈપણ પ્રકારની ગેરરીતિ કરતાં પકડાશે તો ભવિષ્યમાં લેવામાં આવનારી કોઈપણ પીએચ.ડી. પ્રવેશ પરીક્ષામાટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

(૧૪) દરેક ઉમેદવારે પરીક્ષાખંડમાં <u>હોલ ટિકીટ</u> સાથે જ પ્રવેશવાનું રહેશે.

(૧૫) ઉમેદવારે પરીક્ષાખંડમાં અપાતી દરેક સુચનાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬) પરીક્ષાના એક અઠવાડિયા પહેલા અંધ ઉમેદવારે રાઈટર માટે કો–ઓર્ડિનેટરને અરજી કરવી.

(૧૭) ઉમેદવારને કોઈપણ પ્રકારનું TA/DA આપવામાં આવશે નહી.

(૧૮) પરિણામનું અલગથી ગુણપત્રક કે પ્રમાણપત્રક આપવામાં આવશે નહી. બહુવિકલ્પ જવાબપત્રકની પુનઃ ચકાસણી થઈ શકશે નહી.

(૧૯) પરીક્ષાનું પરિણામ યુનિવર્સિટીની વેબસાઈટ <u>www.ngu.ac.in</u> પર જાહેર કરવામાં આવશે જેથી દરેક ઉમેદવારે યુનિવર્સિટીની વેબસાઈટ જોતા રહેવું.

(૨૦) પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા અંગેની બધી જ માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ <u>www.ngu.ac.in</u> પર મૂકવામાં આવશે જેના માટ કોઈપણ પ્રકારનો પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી. જેની ઉમેદવારે ખાસ નોંધ લેવી.

(૨૧) જો ઉમેદવારને માસ્ટર ડિગ્રીમાં ૫૫%થી ઓછા હશે તો પીએચ.ડી. પ્રવેશ પરીક્ષામાં લાયક ગણાશે નહી. (એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. માટે ૫૦%)

(૨૨) પ્રવેશ પરીક્ષા (લેખિત)નો સમય સવારે ૧૧:૩૦ કલાકથી ૧૩:૩૦ કલાક સુધીનો રહેશે. વિદ્યાર્થીઓએ ૧૦:૩૦ સુધીમાં પરીક્ષા કેન્દ્ર પર રીપોર્ટ કરવાનું રહેશે.

(૨૩) પીએચ.ડી. પ્રવેશ અંગેની લેખિત પરીક્ષાનું સ્થળ – પી. કે. કોટાવાલા આર્ટસ કોલેજ, કોલેજ કેમ્પસ, પાટણ ખાતે રહેશે.